પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૨૪ ૦૪ એપ્રિલ, ૨૦૨૩, મંગળવાર; ચૈત્ર સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દિલ્હી-મહારાષ્ટ્રમાં કોરોના ચિંતાજનક

## દિલ્હીમાં સાત મહિનામાં સૌથી વધુ કેસ, તો મહારાષ્ટ્રમાં સ્થિતિ બગડી : કોરોના ફરી ૫ રાજ્યોને ડરાવી રહ્યો છે : દેશમાં સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૮,૩૮૯ થઈ ગઈ છે દરમિયાન, પાંચ નવા મૃત્યુ સાથે, મૃત્યુઆંક વધીને ૫,૩૦,૮૮૧ થઈ ગયો છે



નવી દિલ્હી, તા.૩

હવે દેશભરમાં કોરોનાના કેસોમાં ફરી ઉછાળો આવ્યો છે. ઘણા રાજ્યો ફરી એકવાર પહેલા જેવી જ સ્થિતિ તરફ આગળ વધતા જોવા મળી રહ્યા છે. દરમિયાન, રવિવારે (૨ એપ્રિલ) મહારાષ્ટ્રમાં ત્રણ મૃત્યુ અને ૫૫૦ થી વધુ કેસ નોંધાયા હતા. રાજધાની દિલ્હીમાં છેલ્લા દિવસમાં ૪૨૯ કેસ નોંધાયા છે. હકારાત્મકતા દર એક દિવસમાં ૧૪ ટકાથી વધીને ૧૬.૦૯ ટકા થયો છે. આ સિવાય હરિયાણામાં કોવિડ-૧૯ના વધતા જતા કેસ સાથે સકારાત્મકતા દર ૪ ટકા પર પહોંચી ગયો છે. રાજ્યના ગૃહમંત્રી અનિલ વિજે આરોગ્ય વિભાગને દરેક રીતે એલર્ટ રહેવા જણાવ્યું છે. આજે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ બોલાવવામાં આવી છે. શનિવારે સાંજે જાહેર કરાયેલ રાજ્યના કોવિડ-૧૯ બુલેટિનમાં ૫૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોના સંક્રમણના પોઝિટિવ કેસમાં થયેલા વધારાને જોતા તમિલનાડુ સરકારે ૧ એપ્રિલથી રાજ્યભરની તમામ સરકારી હોસ્પિટલોમાં ફેસ માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું હતું. એરપોર્ટ પર અન્ય

● અનુસંધાન પાન-૭ પર

# સુરતમાં રાહુલ ગાંધીના કેસની ૧૩મીએ સુનાવણી યોજાશે

## સુરત મોઢ વણિક સમાજની માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા કોર્ટમાં : રાહુલે હુકમની કાયદેસરતાને પડકારતી અપીલ દાખલ કરી, ૧૩ એપ્રીલના રોજ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી કોર્ટમાં હાજરી આપવી જરૂરી નથી

સુરત, તા.૩

સુરત મોઢ વણિક સમાજની માનહાનિના કેસમાં સુરત ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ હરેશ વર્માની કોર્ટ ગઈ તા.૨૩ મી માર્ચના રોજ આરોપી રાહુલ ગાંધીને દોષી ઠેરવી બે વર્ષની કેદ ની સજા ફટકારી હતી. જે હુકમની કાયદેસરતાને પડકારતી અપીલ દાખલ કરી છે. જેમાં કોર્ટ દ્વારા સજા પર સ્ટે રાખવાની સુનાવણી ૧૩ એપ્રીલના રોજ કરવામાં આવી છે. વકીલના કહેવા મુજબ અગામી સુનાવણી એટલે કે ૧૩ એપ્રીલના રોજ રાહુલ ગાંધીએ ફરી કોર્ટમાં હાજરી આપવી જરૂરી નથી.

આજે રાહુલ ગાંધીની સાથે કોંગ્રેસના છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, રાજસ્થાન અશોક ગહેલોત તથા હિમાચલ પ્રદેશના સીએમ સુખવિંદર સુક્કુ આજે સુરત કોર્ટમાં હાજર રહ્યા હતા. તદુપરાંત પ્રિયંકા ગાંધી સહિત રાહુલ ગાંધી પોતાની લીગલ ટીમને લઈને આજે બપોરે ૩ કલાકે સુરત કોર્ટમાં માનહાનિના કેસમાં નીચલી કોર્ટના સજાના હુકમ સામે આપેલ દાખલ કરી હતી.રાહુલ ગાંધીને ૧૩ની એપ્રિલ સુધીના જામીન મળ્યાં છે.




● અનુસંધાન પાન-૭ પર

# દસ રાજ્યોમાં કાળઝાળ ગરમીની આગાહી

**એપ્રિલ મહિનામાં તાપમાનમાં ફેરફારની સંભાવના : બિહાર, ઉ.પ્રદેશ, ઓડિશા, પ.બંગાળ, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા અને પંજાબમાં હીટવેવની સંભાવના**

નવી દિલ્હી, તા.૩

દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીએ ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતું. જો કે માર્ચ મહિનામાં કમોસમી વરસાદને કારણે લોકોને રાહત મળી હતી, પરંતુ આ દરમિયાન "સ્ઢએ ગરમીને લઈને એક નવું એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે ભારતના મોટા ભાગના ભાગોમાં એપ્રિલથી જૂન સુધી તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આ સમયગાળા દરમિયાન પૂર્વ, મધ્ય અને ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં વધુ ગરમી રહેવાની ધારણા છે." સ્ઢએ કહ્યું કે ૨૦૨૩ના એપ્રિલથી જૂન મહિનામાં દક્ષિણ ભારત અને ઉત્તર-પશ્ચિમ ભારતના ભાગો સિવાય મોટા ભાગના સ્થળોએ તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર એપ્રિલ મહિનામાં ઓછામાં ઓછા ૧૦ રાજ્યોમાં તાપમાનમાં ફેરફારની સંભાવના છે. વિભાગના જણાવ્યા અનુસાર એપ્રિલ મહિનામાં બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા અને પંજાબમાં હીટવેવની સંભાવના છે.

# પોલીસ સાથેની અથડામણમાં પાંચ માઓવાદીઓ ઠાર

## સીઆરપીએફ કોબ્રા બટાલિયન, જેએપી, આઈઆરબી સાથે પલામુ અને ચત્રાના જિલ્લા દળોને ઓપરેશનમાં તૈનાત કરાયા

ઝારખંડ, તા.૩

ઝારખંડના ચતરા જિલ્લાને અડીને આવેલી સરહદ પર સુરક્ષા દળો અને સીપીઆઈમાઓવાદીઓ વચ્ચે એક્કાઉન્ટર ચાલી રહ્યું છે. સુરક્ષા દળોએ પલામુ-ચતરા બોર્ડર પર માઓવાદીઓ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યું હતું. સીઆરપીએફ કોબ્રા બટાલિયન, જેએપી, આઈઆરબી સાથે પલામુ અને ચત્રાના જિલ્લા દળોને ઓપરેશનમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

નક્સલ વિરોધી ઓપરેશન દરમિયાન પલામુ-ચતરા સરહદ પર સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ એક્કાઉન્ટરમાં ૨૫ લાખનો ઈનામી નક્સલી ગૌતમ પાસવાન સહિત પાંચ માઓવાદીને ઠાર કર્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. વાસ્તવમાં આ વાતનો અંદાજ એટલા માટે લગાવવામાં આવી રહ્યો છે કારણ કે, પોલીસ અધિક્ષક રાકેશ રંજને નિશ્ચિતપણે ઈશારામાં કહ્યું હતું કે મોટી ઉપલબ્ધિ મળી છે.

નક્સલવાદીઓના અન્ય સાથીઓને શોધવા માટે જંગલમાં

● અનુસંધાન પાન-૭ પર

# બાલેશ્વર મંદિરના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવાયું

## વાવ ધસી પડવાની દુર્ઘટનામાં ૩૬નાં મોત થયા હતા : કાર્યવાહી કરતી વખતે ભારે પોલીસ સુરક્ષા બંદોબસ્ત

ઈન્દોર, તા.૩

મધ્યપ્રદેશના ઈન્દોરમાં રામનવમીના દિવસે વાવ ધસી પડવાની દુર્ઘટનામાં ૩૬ લોકોએ જીવ ગુમાવ્યા બાદ બોધપાઠ લેતા ઈન્દોર નગર નિગમ અને પોલીસે સોમવારે મોટી કાર્યવાહી હાથ ધરી હતી.

તંત્રએ બાલેશ્વર મંદિરના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું. આ કાર્યવાહી કરતી વખતે ભારે પોલીસ સુરક્ષા બંદોબસ્તની વ્યવસ્થા કરાઈ હતી.

નગરનિગમ અહીં ૫ પોકલેન મશીન લઈને પહોંચી છે. તંત્રએ એવા સ્થળોને ચિહ્નિત કર્યા છે જ્યાં વાવ કે કૂવા છે અને જેના પર લોકોએ અતિક્રમણ કરી રાખ્યું છે.

તંત્ર દ્વારા આ અતિક્રમણને હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. સવારે જ્યારે લોકો રામનવમી દુર્ઘટનાવાળા સ્થળે આવેલા

● અનુસંધાન પાન-૭ પર

# ચિત્તો કુનો નેશનલ પાર્કમાંથી ઓબાનના ખેતરોમાં પહોંચી ગયો

## વન સ્ટાફ પણ ચિત્તાને લેવા પહોંચી ગયો અને વિદેશથી આવેલા આ ચિત્તાને અંગ્રેજી ભાષામાં સમજાવતા જોવા મળ્યા હતા

ભોપાલ, તા.૩

ભારતમાં ૭૦ વર્ષ પછી પહેલીવાર ખુલ્લામાં ચિત્તા જોવા મળી રહ્યો છે. ગઈકાલે જ એક નામીબિયન ચિત્તો કુનો નેશનલ પાર્કમાંથી નીકળીને ઓબાનના ખેતરોમાં પહોંચી ગયો હતો. આશ્ચર્યની વાત તો એ છે ગ્રામજનો અને ખેડૂતોએ ડરવાની જગ્યા એ આદરપૂર્વક વર્તન કર્યું હતું. જો કે, ત્યાં સુધીમાં વન સ્ટાફ પણ ઓબાનને લેવા પહોંચી ગયો હતો અને વિદેશથી આવેલા આ ચિત્તાને અંગ્રેજી ભાષામાં સમજાવતો જોવા મળ્યા હતા.

મધ્યપ્રદેશના શ્યોપુર જિલ્લામાં સ્થિત કુનો નેશનલ પાર્કના વિશાળ ઘેરામાંથી ખુલ્લા જંગલમાં છોડવામાં આવેલ ઓબાન નામીબિયન ચિત્તો અચાનક વિજયપુર વિસ્તારના ગામોમાં પહોંચી ગયો હતો. ઘઉંના પાકની કાપણી કરવા આવેલા ખેડૂતોએ જ્યારે પહેલીવાર ચિત્તાને ખુલ્લામાં જોયો ત્યારે તેઓ ગભરાઈ ગયા હતા.

આ સમાચાર આવતાની સાથે જ આસપાસના ગામના કેટલાય લોકો લાકડીઓ લઈને ખેતર તરફ દોડી આવ્યા હતા. પરંતુ ચિત્તાનું હિંસક વર્તન ન જોઈને લોકો તેને ખૂબ પ્રેમથી કુનોના જંગલ તરફ

● અનુસંધાન પાન-૭ પર

# ધરપકડથી બચવા ડોનાલ્ડ ટ્રમ્પ આત્મસમર્પણ કરે એવી શક્યતા

## પોર્ન સ્ટારને અપાયેલા પૈસાને લીધે યુએસની પૂર્વ પ્રમુખ ફસાયા : આ શક્યતાને ધ્યાને લઇ ન્યૂયોર્ક સિટી પોલીસ ટ્રમ્પ ટાવરની આસપાસ મેટલ બેરિયર્સ પણ લગાવાયા

વોશિંગ્ટન, તા.૩

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આત્મસમર્પણ કરશે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને આપવામાં આવેલી રકમના મુદે ધરપકડથી બચવા માટે ટ્રમ્પ સરેન્ડર પણ કરી શકે છે. આ શક્યતાને ધ્યાને લઈ ન્યૂયોર્ક સિટી પોલીસ ટ્રમ્પ ટાવરની આસપાસ મેટલ બેરિયર્સ પણ લગાવ્યા છે. અહેવાલ અનુસાર, મેનહટન ક્રિમિનલ કોર્ટહાઉસ પાસે રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા છે. પોલીસના માનવા મુજબ ટ્રમ્પના સમર્થકો તેમની હાજરી પહેલા કોર્ટની આસપાસ વિરોધ પ્રદર્શન કરી શકે છે. ગ્રાન્ડ જ્યુરી તપાસે તેની સામે આરોપ મંજૂર કર્યો. આવી સ્થિતિમાં, તેઓ ફોજદારી આરોપોનો સામનો કરનારા પ્રથમ પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ છે. રિપબ્લિકન કોંગ્રેસવુમન ટેલર ગ્રીન સહિતના ટોચના સમર્થકો ટ્રમ્પના સમર્થનમાં વિરોધ કરવા માટે આવતીકાલે ન્યૂયોર્ક જશે.

# યાસિન ભટકલ સહિત ૧૧ની સામે આરોપ ઘડવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૩

દિલ્હીની એક કોર્ટે પ્રતિબંધીત આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીનનો નેતા યાસીન ભટકલ સામે આરોપો ઘડ્યા છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે યાસીન ભટકલ પર ભારત વિરુદ્ધ યુદ્ધ કરવાનું કાવતરું રચવાના મામલે ઓરોપો ઘડ્યા છે.

એડિશનલ સેશન્સ જજ શૈલેન્દ્ર મલિકે આતંકવાદી યાસિન ભટકલ અને મોહમ્મદ દાનિશ અંસારી સહિત ૧૧ લોકો સામે આરોપો ઘડ્યા છે. કોર્ટે જણાવ્યું કે, આરોપીઓ સામે કેસ ચલાવવા માટે પૂરતા પુરાવાઓ છે. કોર્ટે જણાવ્યું કે, પ્રાથમિક દષ્ટિએ લાગી રહ્યું છે કે, આરોપીઓ ઈન્ડિયન મુજાહિદ્દીનના સભ્યો હતા અને તેમણે ભારત વિરુદ્ધ યુદ્ધ કરવા માટે ગુનાહિત કાવતરું રચ્યું હતું.




**AVALON TECHNOLOGIES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its equity shares and has filed the red herring prospectus with the Registrar of Companies, Tamil Nadu at Chennai, ("RHP") on March 23, 2023. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. JM Financial Limited, DAM Capital Advisors Limited, IIFL Securities Limited and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.jmfl.com, www.damcapital.in, www.iiflcap.com and www.nomuraholdings.com/company/group/asia/india /index.html, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 41 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act, and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in private transactions exempt from the registration requirements of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 610